


**પ્રેસ-નોટ** **તા.૨૮/૧૨/૨૦૨૩.**

**બગસરા પોલીસ સ્ટેશન વિસ્તાર એસ.ટી.ડેપો મેઈન રોડ પર આવેલ "ક્લાસીક" નામની મોબાઈલ દુકાનમાંથી આધાર-પુરાવા કે બીલ વગરનાં મોબાઈલ ફોન નંગ-૦૫, કિ.રૂા.૩૨,૧૩૫/- ના મુદ્દામાલ સાથે એક ઈસમને ઝડપી પાડતી અમરેલી એસ.ઓ.જી.ટીમ.**

**શ્રી ગૌતમ પરમાર સાહેબ પોલીસ મહાનિરીક્ષકશ્રી ભાવનગર વિભાગ ભાવનગર**નાંઓ દ્વારા તથા **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબ** નાઓએ જિલ્લામાં ગેરકાયદેસર રીતે વેંચાણ થતા મોબાઈલ ફોન તથા ગેરકાયદેસરની પ્રવૃતિ અટકાવવા જરૂરી સુચનાં અને માર્ગદર્શન આપેલ હોય જે અનુસંધાને **એસ.જી.ઓ.પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી આર.ડી.ચૌધરી** દ્વારા અમરેલી જિલ્લામાં ગેરકાયદેસર મોબાઈલ ફોન જરૂરી આધાર-પુરાવા કે બીલ વગરનાં વેંચાણ કરતા ઈસમોને ઝડપી પાડવા જરૂરી સુચનાં અને માર્ગદર્શન આપેલ હોય જે અન્વયે **એસ.જી.ઓ.ટીમ** બગસરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં એ.ટી.એસ. ચાર્ટર લગત પેટ્રોલીંગમાં હતા. તે દરમ્યાન ખાનગી બાતમીરાહે હકિકત મળેલ કે બગસરા ટાઉનમાં એસ.ટી.ડેપો મેઈન રોડ ઉપર કલાસીક મોબાઈલ નામની દુકાને બિલ વગરના મોબાઈલનુ વેચાણ કરે છે તેવી ચોક્કસ અને આધારભુત બાતમી હકિકત અન્વયે સદરહું જગ્યાએ રેઈડ કરતા એક ઈસમને બિલ વગરના મોબાઈલ સાથે ઝડપી પાડવામાં સફળતા મળેલ છે.

➡ **પકડાયેલ આરોપી:-**

**અલીઅસગરભાઇ સીરાજભાઇ ઠાઠીયા,ઉ.વ.૨૪,ધંધો.વેપાર,રહે.નદીપરા, બગસરા, તા.બગસરા જિ.અમરેલી.**

➡ **કબ્જે કરેલ મુદ્દામાલ ૦: -**

અલગ-અલગ કંપનીનાં **એન્ડ્રોઈડ મોબાઈલ ફોન નંગ-૦૫**, **કિ.રૂા.૩૨,૧૩૫/-** ના મુદ્દામાલ સાથે એક ઈસમને ઝડપી પાડી વધુ તપાસ અર્થે બગસરા પોલીસ સ્ટેશન ખાતે સોંપી આપવામાં આવેલ છે.

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબ** નાઓની સુચનાં અને માર્ગદર્શન હેઠ **એસ.ઓ.જી.ટીમના એ.એસ.આઇ. નાજભાઇ પોપટ** તથા હેડ **કોન્સ.જી.બી.લાપા** તથા હેડ **કોન્સ. ક્રિપાલસિંહ ગોહિલ** તથા **પો.કોન્સ. જીજ્ઞેશભાઇ પોપટાણી** તથા **સ્વાગતભાઇ કુવરીયા** દ્વારા કરવામાં આવેલ છે.



**<u>પ્રેસ-નોટ</u>** **<u>તા.૨૬/૧૨/૨૦૨૩.</u>**

**<u>ગુજરાત રાજ્યમાં એન.ડી.પી.એસ.એક્ટ હેઠળની ગુન્હાકીય પ્રવૃતિમાં સંડોવાયેલ અમરેલી જિલ્લા ખાતે રહેતા આરોપીઓને એકત્ર કરી એન.ડી.પી.એસ. એક્ટની જોગવાય થી વાકેફ કરવા તથા તેનાં વ્યસનથી થતા નૂકશાન સબંધે માહિતગાર કરવા અમરેલી એસ.ઓ.જી.ટીમ દ્વારા સેમીનાર યોજવામાં આવ્યો.</u>**

**ગુજરાત રાજ્યનાં પોલીસ મહાનિદેશકશ્રી અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી ગુજરાત રાજ્ય ગાંધીનગર** તથા **અધિક પોલીસ મહાનિદેશકશ્રી સી.આઇ.ડી. ક્રાઈમ અને રેલ્વેઝ ગુ.રા.ગાંધીનગર**નાઓની રાહબરી હેઠળ સમગ્ર રાજ્યમાં એન.ડી.પી.એસ.ગુનાના કામે પકડાયેલ આરોપીઓ ભવિષ્યમાં એન.ડી.પી.એસ. એક્ટ હેઠળના ગુનાઓ ન કરે તે માટે તથા તેઓને જરૂરી સુચનાઓ અને માર્ગદર્શન મળી રહે તે હેતુથી મેન્ટોર દ્વારા તથા સુપરવાઈઝરી અધિકારીશ્રી દ્વારા કાઉન્સીલીંગ કરવા તથા અન્ય સંકળાયેલ આરોપીઓની માહિતી એકત્રીત કરવા તથા એન.ડી.પી.એસ.એક્ટની સજાની જોગવાયથી વાકેફ કરવા જરૂરી સુચનાઓ અને માર્ગદર્શન આપવામાં આવલ છે.

જે અનુસંધાને **શ્રી ગૌતમ પરમાર સાહેબ પોલીસ મહાનિરીક્ષકશ્રી ભાવનગર વિભાગ ભાવનગર** નાઓ દ્વારા સમગ્ર ભાવનગર રેન્જમાં એન.ડી.પી.એસ.નાં ગુન્હામાં પકડાયેલ આરોપીઓ ઉપર આરોપીઓનાં સર્વેલન્સ અંગે મેન્ટોરની નિમણૂંક કરી આરોપીઓની માહિતી એકત્રીત કરવા અને નાર્કોટીકસ પદાર્થનાં દૂરઉપયોગ અંગે માર્ગદર્શન આપવા જણાવવામાં આવેલ જે અન્વયે **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબ** નાઓનાં માર્ગદર્શન હેઠળ **પોલીસ ઈન્સ્પેકટરશ્રી આર.ડી.ચૌધરી એસ.ઓ.જી.શાખા અમરેલી** તથા **પોલીસ સબ ઈન્સ્પેક્ટર એન.બી.ભટ્ટ** દ્વારા એન.ડી.પી.એસ.ગુન્હામાં પકડાયેલ આરોપીઓ દીઠ મેન્ટોરની નિમણૂંક કરી એસ.ઓ.જી.ટીમ દ્વારા અમરેલી જિલ્લા ખાતે રહેતા એન.ડી.પી.એસ.એક્ટ હેઠળની ગુન્હાકીય પ્રવૃતિમાં સંડોવાયેલ કુલ ૭૧ આરોપીઓનાં ડોઝીયર્સ ભરવામાં આવેલ આ ઉપરાંત આ પ્રવૃતિ સાથે સંકળાયેલ ઈસમોને પોલીસ હેડ ક્વાટર્સ ડી.ટી.સી.સેન્ટર ખાતે એકત્રીત કરી અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબ તથા પોલીસ ઈન્સ્પેકટરશ્રી આર.ડી.ચૌધરી એસ.ઓ.જી.શાખા અમરેલીનાઓ દ્વારા નાર્કોટીક્સના પદાર્થ-કેફી ઔષધો- મન:પ્રભાવી દ્રવ્યોનાં ગેરકાયદેસર વેપાર હેરા-ફેરી અને વેચાણ કરતા અટકાવવા સારૂ અને આ માદક પદાર્થોનું સેવન કરવાથી થતા નૂકશાન અંગે જરૂરી સુચનાઓ અને માર્ગદર્શન આપી ગુજરાત રાજ્યને તથા સમગ્ર અમરેલી જિલ્લાને નશા-મુક્ત કરવા જરૂરી સુચનાઓ અને માર્ગદર્શન આપવામાં આવેલ તેમજ હાજર તમામ આરોપીઓને શપથ લેવડાવી આવી પ્રવૃતી ન કરવા અંગે સમજ આપવામાં આવેલ છે.

**<u>શપથ</u>**

- **આથી હુ પ્રતિજ્ઞા લઉં છુ કે...**
- **મારા મૂલ્યવાન જીવનને બચાવવા તેમજ ....**
- **મારા આરોગ્ય અને સ્વાસ્થ્યની રક્ષા માટે તેમજ...**
- **મારા રોજીંદા કાર્ય અને વ્યવહારમાં પ્રગતિ માટે ...**
- **અને મારા સુંદર ભવિષ્ય માટે ...**
- **વ્યસન એક અવરોધરૂપ પરિબળ છે ...**
- **આજે પરમતત્ત્વ એવા ઈશ્વર ને સાક્ષી રાખીને હુ પ્રતિજ્ઞા લઉંછુ કે...**
- **હું ક્યારેય મારા જીવનમાં વ્યસન નહિ કરું ...**
- **અને મારા મિત્રો અને સ્નેહીજનો પણ વ્યસનથી દૂર રાખીશ ...**
- **અને તેમના જીવનમાં વ્યસનને મુક્તિ આપે તે માટે સદા પ્રયત્નશીલ રહીશ ...**
- **અને અમરેલી જિલ્લા પોલીસનીનશામુક્ ...ત અમરેલી અને મારું ....પહેલમાં ભારત નશામુક્ત .... યોગદાન આપીશ.**

**વંદે માતરમ્ ભારતમાતા કી જય....**

- **નશીલા પદાર્થ એટલે બરબાદી તેનાથી દુર રહો.**
- **નશીલા પદાર્થ જીવલેણ છે .રહો દુર તેનાથી .**
- **નશીલા પદાર્થ માત્ર બરબાદી તરફ લઈ જશે .**
- **નશીલા પદાર્થ સામે મજબુર નહિ મજબુત બનો.**
- **દર વર્ષે સેકડો યુવાનો મિત્રોના પ્રભાવમાં આવી નશીલા પદાર્થની લતને આધિન થાય છે ભારતમાં . દરરોજ લગભગ ૧૦ લોકો નશાના લીધે આપઘાત કરે છે.**

**❖ (.છે ગુનો ગંભીર વેચાણ કે સેવન પદાર્થનુ નશીલા)**

**પ્રેસ નોટ** **તા.૩૦/૧૨/૨૦૨૩**

**ધાડ – ખુન, લુંટ, ઘરફોડ ચોરીઓના ગુનાઓમાં સંડોવાયેલ અને બે ગુનાઓમાં નાસતા ફરતા આરોપીને પકડી પાડી, અમરેલી જિલ્લાના ચાર અનડીટેકટ ઘરફોડ ચોરીના ગુનાઓ ડીટેકટ કરતી અમરેલી એલ.સી.બી. ટીમ**

**ભાવનગર રેન્જ આઈ.જી.શ્રી ગૌતમ પરમાર સાહેબ** નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમાં બનતા અનડીટેક્ટ ગુનાઓ ડીટેક્ટ કરવા સુચના આપેલ હોય, **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબ**નાઓએ જિલ્લામાં મિલકત સબંધી વણશોધાયેલા ગુન્હાઓ શોધી કાઢી, ગુનામાં સંડોવાયેલ આરોપીઓને પકડી પાડવા અમરેલી એલ.સી.બી. ટીમને માર્ગદર્શન આપેલ હોય,

જે અન્વયે **અમરેલી એલ.સી.બી. પો.ઈન્સ.શ્રી એ.એમ.પટેલ** નાઓની રાહબરી હેઠળ **એલ.સી.બી. ટીમ દ્વારા** મિલકત વિરૂધ્ધના ગુનાઓ આચરતા અજાણ્યા આરોપી અંગે સઘન તપાસ હાથ ધરવામાં આવેલ અને આજ રોજ તા.૩૦/૧૨/૨૦૨૩ નાં રોજ અમરેલી તાલુકા વિસ્તારમાં પેટ્રોલીંગ દરમ્યાન બાતમી તેમજ ટેકનીકલ સોર્સ આધારે અમરેલી તાલુકાના નાના આંકડીયા ગામ પાસેથી એક શંકાસ્પદ ઈસમને ચોરીના સાધનો સાથે પકડી પાડી, મજકુર ઈસમની સઘન પુછ પરછ કરતા તેને અલગ અલગ જગ્યાથી ઘરફોડ ચોરી કરેલ હોવાની કબુલાત આપતા, પકડાયેલ આરોપી તથા મળી આવેલ મુદ્દામાલ આગળની કાર્યવાહી થવા અમરેલી રૂરલ પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

### ⇨ પકડાયેલ આરોપીની વિગતઃ-

નગરૂસિંગ ઉર્ફે નગરૂ ઉર્ફે નોઘરૂ ઉર્ફે રવિ ઉર્ફે રાહુલ કલમસિંગ ઉર્ફે કમલસિંગ અજનાર, ઉ.વ.૩૭, રહે. બઈડા ગામ, ભીલાલા ફળીયા, તા.જોબટ, જિ.અલીરાજપુર (મધ્યપ્રદેશ)

### ⇨ આરોપી પાસેથી મળી આવેલ મુદ્દામાલઃ-

રોકડા રૂ.૮૮૦/- તથા એક પકડ કિં.રૂ. ૦૦/- તથા બે સ્ક્રુ ડ્રાઈવર કિં.રૂ.૦૦/- મળી **કુલ કિં.રૂ.૮૮૦/- નો મુદ્દામાલ.**

### ⇨ પકડાયેલ આરોપીએ ગુનાઓની આપેલ કબુલાલની વિગતઃ-

પકડાયેલ ઈસમની સઘન પુછપરછ કરતાં, પોતે નીચે મુજબની ઘરફોડ ચોરીના ગુનાઓ કરેલ હોવાની કબુલાત આપેલ છે.

(૧) આજથી આશરે દસેક પહેલા અમરેલી તાલુકાના પીપળલગ ગામે રાત્રીના સમયે ગયેલ અને ગામમાં આવેલ રામાપીરના મંદિરના દરવાજા તોડી, મંદિરમાં રહેલ ચાંદીના છતર નંગ – ૧૭ તથા ચાંદીના બે ઘોડા તથા દાન પેટ્ટીમાંથી રોકડ રૂપિયાની ચોરી કરેલ, જે અંગે ખાત્રી કરતા **અમરેલી રૂરલ પો.સ્ટે. એ પાર્ટ ગુ.ર.નં.૧૧૧૯૩૦ ૦૪૨૩૦૦૬૪/૨૦૨૩, આઇ.પી.સી. કલમ ૩૮૦, ૪૫૭ મુજબ** રજી. થયેલ છે.

(૨) આજથી આશરે પંદર દિવસ પહેલા પોતે તથા પોતાનો મિત્ર મોબત ઉર્ફે મહોબત ભવરસિંગ ડાવર રહે. બઇડા ગામ, તા.જોબટ, જિ.અલીરાજપુર (મધ્યપ્રદેશ) વાળા સાથે મળી, અમરેલી તાલુકાના મોટા આંકડીયા ગામે રાત્રીના સમયે ગયેલ અને ગામમાં આવેલ ખોડીયાર માતાના મંદિરના દરવાજા તોડી મંદિરમાં રહેલ ચાંદીના નાના મોટા છતર નંગ – ૩ તથા સોનાના ઝાંઝર તથા સોનાનો કંદોરો તથા દાન પેટ્ટીમાંથી રોકડ રૂપિયાની ચોરી કરેલ, જે અંગે ખાત્રી કરતા **અમરેલી રૂરલ પો.સ્ટે. એ પાર્ટ ગુ.ર.નં.૧૧૧૯૩૦૦૪૨૩૦૩૯૬ /૨૦૨૩ આઇ.પી.સી. કલમ ૩૮૦, ૪૫૭ મુજબ** રજી. થયેલ છે.

(૩) આજથી આશરે પાંચેક મહિના પહેલા પોતે તથા પોતાનો મિત્ર મોબત ઉર્ફે મહોબત ભવરસિંગ ડાવર રહે. બઇડા ગામ, તા.જોબટ, જિ.અલીરાજપુર (મધ્યપ્રદેશ) વાળા સાથે મળી, વડીયા તાલુકાના અમરાપુર ગામે ગયેલ અને રાત્રીના સમયે ગામમાં આવેલ સ્વામીનારાયણ મંદિરના દરવાજા તોડી મંદિરમાં રહેલ પંચધાતુની મુર્તિ તથા દાન પેટ્ટીમાંથી રોકડ રકમની ચોરી કરેલ, જે અંગે ખાત્રી કરતા **વડીયા પો.સ્ટે. એ પાર્ટ ગુ.ર.નં.૧૧૧૯૩૦૬૦૨૩૦૧૧૫ /૨૦૨૩ આઇ.પી.સી. કલમ ૩૮૦, ૪૫૭ મુજબ** રજી. થયેલ છે.

(૪) આજથી આશરે પાંચેક મહિના પહેલા પોતે અમરેલી તાલુકાના જસવંતગઢ ગામે ગયેલ અને ગામથી ફુલવાડી પ્લોટ વિસ્તારમાં એક પાનના ગલ્લાનું શટર ઉંચુ કરી, તેમાંથી તથા ગામમાં આવેલ હનુમાનજીના મંદિરના તાળા તોડી, તેમાં રહેલ દાન પેટ્ટીમાંથી રોકડ રકમની ચોરી કરેલ, જે અંગે ખાત્રી કરતા **અમરેલી રૂરલ પો.સ્ટે. એ પાર્ટ ગુ.ર.નં.૧૧૧૯૩૦૦૪૨૩૦૪૦૦ /૨૦૨૩ આઇ.પી.સી. કલમ ૩૮૦, ૪૫૭ મુજબ** રજી. થયેલ છે.

➪ **પકડાયેલ આરોપીના નાસતા ફરતા ગુનાઓની વિગતઃ-**

પકડાયેલ આરોપી નગરૂસિંગ ઉર્ફે નગરૂ ઉર્ફે નોઘરૂ ઉર્ફે રવિ ઉર્ફે રાહુલ કલમસિંગ ઉર્ફે કમલસિંગ અજનાર નીચે મુજબના ગુનાઓ તેમજ નામ. કોર્ટના વોરંટના નામે નાસતો ફરતો હતો.

(૧) કુંવાડવા પો.સ્ટે.(રાજકોટ શહેર) ગુ.ર.નં.૧૧૨૦૮૦૩૯૨૩૦૪૪૧/૨૦૨૩,ઇ.પી.કો.કલમ ૪૫૭, ૩૮૦
(૨) ધ્રોલ પો.સ્ટે. (જિ.જામનગર) ગુ.ર.નં.૧૧૨૦૨૦૧૪૨૩૦૪૮૨/૨૦૨૩, ઇ.પી.કો. કલમ ૪૫૭, ૩૮૦
(૩) નામ.એડીશનલ ડીસ્ટ્રીક એન્ડ સેશન્સ કોર્ટ, ગોંડલ નાઓના સે.કે.નં.૩૫/૨૦૨૩ મુજબના પકડ વોરંટના કામે નાસતો ફરતો હતો.

➪ **પકડાયેલ આરોપી નગરૂસિંગ ઉર્ફે નગરૂ ઉર્ફે નોઘરૂ ઉર્ફે રવિ ઉર્ફે રાહુલ કલમસિંગ ઉર્ફે કમલસિંગ અજનારનો ગુનાહિત ઇતિયાસઃ-**

પકડાયેલ આરોપી નગરૂસિંગ ઉર્ફે નગરૂ ઉર્ફે નોઘરૂ ઉર્ફે રવિ ઉર્ફે રાહુલ કલમસિંગ ઉર્ફે કમલસિંગ અજનાર નીચે મુજબના ધાડ વિથ મર્ડર, લુંટ, ઘરફોડ ચોરીઓના ગુનામાં પકડાયેલ છે.

(૧) બગવદર પો.સ્ટે. (જિ.પોરબંદર) ફ. ગુ.ર.નં. ૮/૨૦૧૮, ઇ.પી.કો. કલમ ૩૦૨, ૩૯૭, ૩૯૨, ૩૪ વિ.
(૨) ટંકારા પો.સ્ટે. (જિ.મોરબી) ફ. ગુ.ર.નં.૪૦/૨૦૧૩, ઇ.પી.કો. કલમ ૩૯૫, ૩૯૭ મુજબ.
(૩) ટંકારા પો.સ્ટે. (જિ.મોરબી) ફ. ગુ.ર.નં.૪૭/૨૦૧૪, ઇ.પી.કો. કલમ ૪૫૭, ૩૮૦ મુજબ.
(૪) ટંકારા પો.સ્ટે. (જિ.મોરબી) ફ. ગુ.ર.નં.૬૬/૨૦૧૪, ઇ.પી.કો. કલમ ૩૯૫ વિ. મુજબ.
(૫) ગોંડલ સીટી પો.સ્ટે. (જિ.રાજકોટ) ફ.ગુ.ર.નં.૬૦/૨૦૧૪, ઇ.પી.કો. કલમ ૩૯૪,૪૫૨, ૩૫૬, ૩૨૩ વિ.
(૬) ગોંડલ તાલુકા પો.સ્ટે. (જિ.રાજકોટ) ફ. ગુ.ર.નં.૨૬/૨૦૧૪, ઇ.પી.કો. કલમ ૩૯૨, ૩૪૨, ૧૧૪ મુજબ.
(૭) કુંવાડવા પો.સ્ટે.(રાજકોટ શહેર) ગુ.ર.નં.૧૧૨૦૮૦૩૯૨૩૦૪૪૧/૨૦૨૩,ઇ.પી.કો.કલમ ૪૫૭, ૩૮૦
(૮) ધ્રોલ પો.સ્ટે. (જિ.જામનગર) ગુ.ર.નં.૧૧૨૦૨૦૧૪૨૩૦૪૮૨/૨૦૨૩, ઇ.પી.કો. કલમ ૪૫૭, ૩૮૦

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબ**નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી એ.એમ.પટેલ** તથા **પો.સ.ઇ.શ્રી એમ.બી.ગોહિલ** તથા **અમરેલી એલ.સી.બી.ના એ.એસ.આઇ. યુવરાજસિંહ રાઠોડ, ભગવાનભાઇ ભીલ** તથા **હેડ કોન્સ. કિશનભાઇ આસોદરીયા,** તથા **પો.કોન્સ. ભાવિનગીરી ગૌસ્વામી, અશોકભાઇ સોલંકી, હરેશભાઇ કુંવારદાસ** દ્વારા કરવામાં આવેલ છે.

**બ્લ પ્રેસ નોટ ક્ળ** **<u>તા.૨૫/૧૨/૨૦૨૩</u>**

## <u>અમરેલી જિલ્લામાં વિદેશી દારૂની હેરફેરના ચાર ગુનાઓમાં નાસતા ફરતા આરોપીને પકડી પાડતી અમરેલી એલ.સી.બી. ટીમ</u>

**ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી ગૌતમ પરમાર સાહેબ** નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમા ગુનાઓ કરી નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા સુચના આપેલ હોય, **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબ** નાઓએ અમરેલી જિલ્લામા ગુનાઓ આચારી, પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા માટે નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા **તા.૧૮/૧૨/૨૦૨૩ થી તા.૩૧/૧૨/૨૦૨૩ સુધી સ્પે. ડ્રાઈવ**નું આયોજન કરી, નાસતા ફરતા આરોપીઓ તથા જેલમાંથી ફરાર થયેલ કેદીઓને પકડી પાડવા અમરેલી જિલ્લા પોલીસને માર્ગદર્શન આપેલ હોય,

જે અન્વયે **અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. શ્રી એ. એમ. પટેલ** નાઓની રાહબરી હેઠળ **એલ.સી.બી. ટીમે** અમરેલી જિલ્લાના સાવરકુંડલા રૂરલ, વંડા તથા ખાંભા પોલીસ સ્ટેશનના વિદેશી દારૂની હેરફેરના ચાર ગુનાઓમાં સંડોવાયેલ આરોપી પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા માટે નાસતો ફરતો હોય, ટેક્નીકલ સોર્સ અને બાતમી હકિકત આધારે આજ રોજ તા.૨૫/૧૨/૨૦૨૩ નાં રોજ અમરેલી – બાબરા રોડ ઉપરથી ફોર વ્હીલ સાથે પકડી પાડવામાં આવેલ છે.

➡ **<u>પકડાયેલ આરોપીની વિગતઃ-</u>**

**વિજય ઉર્ફે સંજય ખોડુભાઇ વાળા, ઉ.વ.૨૬, રહે.ખડ ખંભાળીયા, તા. જિ.અમરેલી.**

➡ **<u>નાસતા ફરતા ગુનાઓની વિગતઃ-</u>**

પકડાયેલ આરોપી વિજય ઉર્ફે સંજય ખોડુભાઇ વાળા નીચે મુજબના ગુનાઓમાં નાસતા ફરતો હતો.

(૧) સાવરકુંડલા રૂરલ પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૩૦૫૩૨૩૦૧૯૪/૨૦૨૩, પ્રોહી. કલમ ૬૫એઇ, ૧૧૬બી, ૮૧, ૮૩, ૯૮(૨) મુજબ.
(૨) સાવરકુંડલા રૂરલ પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૩૦૫૩૨૩૦૦૫૫/૨૦૨૩, પ્રોહી. કલમ ૬૫એઇ, ૧૧૬બી, ૮૧, ૮૩, ૯૮(૨) મુજબ.
(૩) વંડા પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૩૦૬૧૨૩૦૦૬૪/૨૦૨૩, પ્રોહી. કલમ ૬૫એઇ, ૧૧૬બી, ૮૧, ૯૮(૨) મુજબ.
(૪) ખાંભા પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૩૦૨૭૨૩૦૦૯૯/૨૦૨૩, પ્રોહી. કલમ ૬૫એઇ, ૧૧૬બી, ૮૧, ૯૮(૨) મુજબ.

➡ **<u>પકડાયેલ નાસતા ફરતા આરોપી પાસેથી કબ્જે કરેલ મુદ્દામાલ વિગતઃ-</u>**

એક એપલ કંપનીનો આઈફોન ૧૨ પ્રો. મોડલનો મોબાઈલ ફોન કિં.રૂ.૨૦,૦૦૦/- તથા એક નોકીયા કંપનીનો કીપેઇડ વાળો મોબાઇલ ફોન કિં.રૂ.૫૦૦/- તથા એક જીયો કંપનીનું રાઉટર કિં.રૂ.૨૦૦૦/- તથા એક હુન્ડઇ કંપનીની ઓરા ફોર વ્હીલ કાર રજી. નં.જી.જે.૧૪.બી.એ.૯૭૮૨ કિં.રૂ.૫,૦૦,૦૦૦/- મળી **કુલ કિં.રૂ. ૫,૨૨,૫૦૦/- નો મુદ્દામાલ.**

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબ** નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ **અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ.શ્રી એ.એમ.પટેલ** તથા **પો.સ.ઈ.શ્રી એમ.બી.ગોહિલ** તથા **એ.એસ.આઇ. જિગ્નેશભાઇ અમરેલીયા, યુવરાજસિંહ** રાઠોડ તથા હેડ **કોન્સ. કિશનભાઇ આસોદરીયા, તુષારભાઇ પાંચાણી** દ્વારા કરવામાં આવેલ છે.

**ન્યુઝ પ્રેસ નોટ ૭ તા.૩૦/૧૨/૨૦૨૩**

**અમરેલી જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી તથા પોલીસ અધિક્ષકશ્રીનાઓએ પાસા હેઠળ કાર્યવાહી કરતા, બે ભયજનક ઈસમોને પાસા હેઠળ જેલમાં ધકેલતી અમરેલી એલ.સી.બી.**

**ભાવનગર રેન્જ આઈ.જી.શ્રી ગૌતમ પરમાર સાહેબ** નાઓએ રેન્જના જિલ્લાઓમાં જાણીતા ગુનેગારો અને અસામાજીક તત્વો તથા ગેરકાયદેસર દારૂની પ્રવૃતિ સાથે સંકળાયેલ ઈસમો સામે પાસા અને તડીપારના કાયદા હેઠળ અટકાયતી પગલા લેવા સુચના આપેલ હોય, અને **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબ** નાઓઓ અમરેલી જિલ્લામાં શરીર સબંધી ગુન્હાઓ કરવાની ટેવ વાળા માથાભારે ભયજનક ઈસમો સામે કડક હાથે કાર્યવાહી કરવા અને આવા ગુનેગારોને કાયદાનું ભાન થાય, તેમજ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા સુદૃઢ બને, તે માટે પાસા-તડીપારના પ્રવર્તમાન કાયદાઓ હેઠળ કાર્યવાહી કરવા સુચના અને માર્ગદર્શન આપેલ હોય, જે અન્વયે અમરેલી જિલ્લા પોલીસ દ્વારા અમરેલી જિલ્લાના જુદા જુદા પોલીસ સ્ટેશન વિસ્તારના અસામાજિક પ્રવૃત્તિઓ કરતા ભયજનક ઈસમ વિરૂધ્ધ પુરાવાઓ એકઠાં કરી, પાસા દરખાસ્તો તૈયાર કરી, પોલીસ અધિક્ષકશ્રી અમરેલીનાઓ મારફતે જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અમરેલીનાઓ તરફ મોકલી આપેલ.

આવા ભયજનક ઈસમોની સમાજ વિરોધી અસામાજીક પ્રવૃતિ અંકુશ લાવવાનું જરૂરી જણાતા, **અમરેલી જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી અજય દહિયા સાહેબ**નાઓએ ભયજનક ઈસમો વિરૂધ્ધ પાસાનું વોરંટ ઇસ્યું કરતાં, **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબ**નાઓની સુચના મુજબ **અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ.શ્રી એ.એમ.પટેલ** તથા **એલ.સી.બી. ટીમ** દ્વારા બે ભયજનક ઈસમોને પાસા વોરંટોની બજવણી કરી, બન્ને ઈસમોને જેલ ખાતે અટકાયતમાં રહેવા મોકલી આપેલ છે.

➡ **ભયજનક ઈસમોનું નામ અને તેને મોકલેલ તે જેલની વિગતઃ**

| | | | |
|---|---|---|---|
| (૧) | લાલા જીકારભાઇ વાઘ, ઉ.વ.૨૭, રહે.રામપરા-૨, તા.રાજુલા, જિ.અમરેલી | :- | પાલરા, સ્પેશ્યલ જેલ, કચ્છ-ભુજ |
| (૨) | અનિરૂધ્ધ કાથડભાઇ વાળા, ઉ.વ.૨૩, રહે.અડતાળા, તા.લાઠી, જિ.અમરેલી. | :- | મધ્યસ્થ જેલ, અમદાવાદ |

➡ **પાસા અટકાયતી લાલા જીકારભાઇ વાઘનો ગુનાહિત ઈતિહાસઃ-**

(૧) પીપાવાવ મરીન પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૩૦૪૫૨૩૦૨૬૫/૨૦૨૩, ઈ.પી.કો.કલમ ૩૯૪, ૫૦૪, ૧૧૪ તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫ તથા અનુસુચીત જાતી અને અનુ.જન જાતી પ્રતિબંધ એક્ટ કલમ ૩(૧)(આર), ૩(૧)(એસ), ૩(૨)(વી), ૩(૨)(આઇ) મુજબ.

(૨) પીપાવાવ મરીન પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૧૯૩૦૪૫૨૩૦૨૯૬/૨૦૨૩, ઈ.પી.કો. કલમ ૩૯૪૭, ૫૦૪, ૫૦૬(૨) મુજબ.

➡ **પાસા અટકાયતી અનિરૂધ્ધ કાથડભાઇ વાળાનો ગુનાહિત ઈતિહાસઃ-**

(૧) લાઠી પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૩૦૩૪૨૨૦૩૪૨/૨૦૨૨, ઈ.પી.કો. કલમ ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબ.

(૨) અમરેલી રૂરલ પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૩૦૦૪૨૩૦૫૮૩/૨૦૨૩, ઈ.પી.કો. કલમ ૩૨૩, ૩૨૪, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબ.

આમ, શરીર સબંધી ગુનાઓની ગેરકાયદેસર પ્રવૃતિ કરતા ઇસમો સામે પાસા હેઠળ કાર્યવાહી કરી, જેલ હવાલે કરી, અસામાજિક પ્રવૃતિ કરતા ઇસમો સામે ચેતવણીરૂપ કામગીરી કરેલ છે.

**✍ પ્રેસ નોટ ✍ તા.૩૧/૧૨/૨૦૨૩**

**અમરેલી જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી તથા પોલીસ અધિક્ષકશ્રીનાઓએ પાસા હેઠળ કાર્યવાહી કરતા, મિલકત સબંધી ગુનાઓ આચરતા ઈસમને પાસા હેઠળ જેલમાં ધકેલતી અમરેલી એલ.સી.બી.**

**ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી ગૌતમ પરમાર સાહેબ** નાઓએ રેન્જના જિલ્લાઓમાં જાણીતા ગુનેગારો અને અસામાજીક તત્વો અને ગેરકાયદેસર પ્રવૃતિ સાથે સંકળાયેલ ઇસમો સામે પાસા અને તડીપારના કાયદા હેઠળ અટકાયતી પગલા લેવા સુચના આપેલ હોય, અને **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબ** નાઓઓ દ્રારા અમરેલી જિલ્લામાં ચોરી, લુંટ સહિતના મિલકત-સબંધી ગુન્હાઓ કરવાની ટેવ વાળા ઇસમો, કે જે નાગરિકોની માલ- મિલ્કતની ચોરી કરતા હોય, આવા મિલકત સબંધી ગુનાઓ આચરતા ભયજનક ઇસમો સામે કડક હાથે કાર્યવાહી કરવા અને આવા ગુનેગારોને કાયદાનું ભાન થાય, તેમજ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા સુદ્દઢ બને, તે માટે પાસા-તડીપારના પ્રવર્તમાન કાયદાઓ હેઠળ કાર્યવાહી કરવા સુચના અને માર્ગદર્શન આપેલ હોય, જે અન્વયે **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી એ.એમ.પટેલ** નાઓએ અમરેલી જિલ્લા તથા અન્ય જિલ્લાઓમાં ચોરીઓના ગુનાઓ કરતા ઇસમ **મુકેશ ઉર્ફે દડુ ઉર્ફે ભરત દિનેશભાઇ વાઘેલા, ઉ.વ.૨૫, રહે.અમરેલી, લાઠી બાયપાસ રોડ, તા.જિ.અમરેલી** વિરૂધ્ધ પુરાવાઓ એકઠાં કરી, પાસા દરખાસ્ત તૈયાર કરી, પોલીસ અધિક્ષકશ્રી અમરેલીનાઓ મારફતે જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અમરેલીનાઓ તરફ મોકલી આપેલ.

લોકોની માલ – મિલકત જેના કારણે જોખમમાં મુકામ શકે તેવા ઇસમની સમાજ-વિરોધી પ્રવૃત્તિ પર અંકુશ લાવવાનું જરૂરી જણાતાં, **અમરેલી જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી અજય દહિયા સાહેબ**નાઓએ ઉપરોકત ઇસમ વિરૂધ્ધ પાસાનું વોરંટ ઇસ્યું

કરતાં, **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબ**નાઓની સુચના મુજબ **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી એ.એમ.પટેલ** તથા **એલ.સી.બી. ટીમ** દ્વારા મુકેશ ઉર્ફે દડુ ઉર્ફે ભરત દિનેશભાઇ વાઘેલાને પાસા વોરંટની બજવણી કરી, **જિલ્લા જેલ નડીયાદ , જિ.ખેડા** ખાતે અટકાયતમાં રહેવા મોકલી આપેલ છે.

➩ **પાસા અટકાયતી મુકેશ ઉર્ફે દડુ ઉર્ફે ભરત દિનેશભાઇ વાઘેલાનો ગુનાહિત ઇતિહાસઃ-**

(૧) અમરેલી સીટી પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૩૦૦૩૨૩૦૩૫૨/૨૦૨૩ IPC કલમ ૩૮૦, ૪૫૪
(૨) અમરેલી સીટી પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૩૦૦૩૨૩૦૩૬૬/૨૦૨૩, IPC કલમ ૩૮૦, ૪૫૪, ૪૫૭
(૩) સાવરકુંડલા રૂરલ પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૩૦૫૩૨૨૦૬૧૯/૨૦૨૨ IPC કલમ ૪૫૪, ૩૮૦
(૪) સાવરકુંડલા રૂરલ પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૩૦૫૩૨૩૦૦૩૬/૨૦૨૩ IPC કલમ ૪૫૪, ૪૫૭, ૩૮૦
(૫) સાવરકુંડલા રૂરલ પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૩૦૫૩૨૩૦૦૪૧/૨૦૨૩ IPC કલમ ૪૫૪, ૩૮૦
(૬) રાજુલા પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૩૦૫૦૨૩૦૦૬૫/૨૦૨૩ IPC કલમ ૪૫૪, ૩૮૦
(૭) ભરતનગર પો.સ્ટે.(જિ.ભાવનગર) ગુ.ર.નં.૧૧૧૯૮૦૬૮૨૧૧૩૯૨/૨૦૨૧, IPC કલમ ૪૫૪, ૪૫૭, ૩૮૦
(૮) ગંગાજળીયા પો.સ્ટે. (જિ.ભાવનગર) ગુ.ર.ન.૧૧૧૯૮૦૧૧૨૧૧૬૦૩/૨૦૨૧, IPC કલમ ૪૫૭, ૩૮૦
(૯) ગંગાજળીયા પો.સ્ટે. (જિ.ભાવનગર) ગુ.ર.ન.૧૧૧૯૮૦૧૧૨૧૧૬૬૮/૨૦૨૧, IPC કલમ ૪૫૭, ૩૮૦
(૧૦) વંથલી પો.સ્ટે. (જિ.જુનાગઢ) ગુ.ર.નં. ૧૧૨૦૩૦૬૮૨૦૦૪૩૯/૨૦૨૦, IPC કલમ ૪૫૪, ૩૮૦
(૧૧) વંથલી પો.સ્ટે. (જિ.જુનાગઢ) ફ. ગુ.ર.નં.૬૪/૨૦૧૪, IPC કલમ ૪૫૪, ૩૮૦

આમ, મિલકત સબંધી ગુનાઓ આચરતા અને આમ જનતાની માલ-મિલકત માટે જોખમરૂપ ઇસમ સામે પાસા હેઠળ કાર્યવાહી કરી, જેલ હવાલે કરી, અસામાજિક પ્રવૃતિ કરતા ઇસમો સામે ચેતવણીરૂપ કામગીરી કરેલ છે.